ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત


# અરવલ્લીમાં પ્રકૃતિના રજવાડા ઝાંઝરીમાં પ્રવાસીઓનો ધસારો

## તમાશાબાજ તંત્રના કારણે ફરી સુરક્ષા ભૂલાઈ, પ્રવાસીઓના માથે ભમતું મોત







બાયડ, તા.૦૯ વરસાદી માહોલથી લીલીછમ હરિયાળી વધુ દૈદિપ્યમાન લાગે છે. સૂકીભઠ્ઠ નદીઓ જીવંત બની રહી છે ત્યારે વરસાદી માહોલના કારણે અરવલ્લીમાં પ્રકૃતિનું રજવાડું ગણાતા બાયડ તાલુકાના ઝાંઝરીમાં છેલ્લા ૫ દિવસથી પ્રવાસીઓનો ધસારો વધી ગયો છે. બપોર થી સમી સાંજ સુધી ખળખળ વહેતાં ઝરણાં અને ધોધને જોવા માટે પ્રવાસીઓની સંખ્યા અનેક ગણી વધી ગઈ છે. ઝાંઝરીનો ભોગીયો ધરો દોઢ દાયકામાં ૬૦ પ્રવાસીઓને ભરખી ગયો છે છતાં તમાશા બાજ તંત્રના કારણે પ્રવાસીઓની સુરક્ષા ફરી કોરાણે મૂકાઈ છે.

નબળી નેતાગીરીના કારણે બાયડ તાલુકાને અનેક રીતે સહન કરવાનો વારો આવ્યો છે. પ્રવાસન ધામનો વિકાસ હોય કે પછી અન્ય ગ્રામ્ય માર્ગોના વિકાસમાં દેખીતી નિરસતાના કારણે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પરંતુ હવે કોની સામે બડાપો કાઢવો તેમ માની જાગૃત લોકો પણ મૌન બની ગયા છે. બાયડ તાલુકાના પ્રકૃતિના રજવાડા સમાન ઝાંઝરીને પર્યટક ધામમાં સમાવ્યા પછી આચમન પૂરતી ગ્રાન્ટ આપવામાં આવી. જેના કારણે વિકાસ માત્ર તમાશો બનીને રહી ગયો. ઝાંઝરીના ભોગીયા ધરામાં અનેક પ્રવાસીઓના ડૂબવાની દુર્ઘટના અને તંત્રએ દેખાડા પૂરતી સંવેદના દાખવી સ્થળ ઉપરની તપાસ પૂર્ણ કરી ભોગીયા ધરાને સુરક્ષિત કરવાની યોજના બનાવી પરંતુ આજદિન સુધી તેનો કોઈ અમલ થયો નથી. લગાવાયેલાં ભયજનક બોર્ડ પણ તહસ નહસ થઈ ગયાં છે. દર વર્ષે ભોગીયા ધરામાં ૨ થી ૪ પ્રવાસીઓના મોત નિપજતા આવ્યા છે. જિલ્લામાં ફરીથી મેઘરાજાની પધરામણી થઈ છે.

ઝાંઝરી તથા આસપાસના વિસ્તારોમાં દોઢ થી ત્રણ ઈંચ વરસાદ વરસવાના કારણે ધોધ ફરી જીવંત બનતાં અરવલ્લી, ખેડા, મહિસાગર, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, મહેસાણાના સહેલાણીઓ મોટી સંખ્યામાં પ્રકૃતિ નિહાળવા માટે આવી રહ્યા છે પરંતુ અહીંયાં સવલતનો તો અભાવ છે પરંતુ સુરક્ષાનો પણ અભાવ હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું છે. જિલ્લા કલેક્ટર દ્વારા ગંભીરતા દાખવી ઝાંઝરીના ધોધ ઉપર આવતા પ્રવાસીઓની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરાવવી પડશે અન્યથા પ્રવાસીઓના માથે જીવનું જોખમ ઉભું થઈ શકે છે.

### વારંવાર દુર્ઘટના છતાં તરવૈયાઓનો અભાવ..

ઝાંઝરીનો ધોધ હવે ભોગીયા ધરા તરીકે પંકાયો છે. દર વર્ષે ૨ થી ૪ સરેરાશ સહેલાણીઓના મોત નિપજ્યા છે અને ધરામાં ડૂબેલા સહેલાણીને બહાર કાઢવા માટે સ્થાનિક નજીકના ગામમાંથી તરવૈયાને બોલાવવા પડે છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ પણ વારંવાર દુર્ઘટના બનતી આવી છે ત્યારે મહેનતાણું આપીને તરવૈયાઓ સ્થળ ઉપર જ તૈનાત રાખવા જોઈએ જેથી કોઈ સહેલાણી ડૂબે તો તૂરંત તેને બચાવી લેવાય. લાખો રૂપિયાની ગ્રાન્ટોનો યોગ્ય ઉપયોગ થતો નથી અને વેડફાટ થાય છે ત્યારે કોઈની જીંદગી બચાવવા માટે તંત્ર આવું સારૂ કાર્ય કરવાનું કેમ વિચારતું નથી..??

# ડી.જે., સંગીત કાર્યક્રમોને લીલીઝંડી : ઉત્તર ગુજરાતમાં દોઢ વર્ષથી બેહાલ મનોરંજન ક્ષેત્રને રાહત

## ગણેશ મહોત્સવ, નવરાત્રિ અને શુભ અવસરોમાં રંગત જામશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

કોરોનાનું સંક્રમણ ઘટતાં રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર વિવિધ પ્રકારની છૂટછાટો આપવામાં આવી છે ત્યારે તાજેતરમાં ડી.જે., મ્યુઝીક બેન્ડ સહિતના વિવિધ મનોરંજન કાર્યક્રમોને લીલીઝંડી આપવામાં આવતાં છેલ્લા દોઢ વર્ષથી પણ વધુ સમયથી બેહાલ મનોરંજન ક્ષેત્રને રાહત થઈ છે. કોરોનાના કપરા કાળમાં ડી.જે. સંચાલકો તેમજ લોક કલાકારોના કાર્યક્રમો બંધ કરાતાં હાલત કફોડી બની હતી જે અંગે વારંવાર રજૂઆત થયા પછી હવે સરકારે ડી.જે., મ્યુઝીક બેન્ડ તેમજ સંગીતના અન્ય કાર્યક્રમો યોજવા છૂટ આપતાં સંગીત સાથે સંકળાયેલા વ્યવસાયિકો હરખાયા છે.

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે બેહાલ થયેલા ધંધા-રોજગારો હજુ પણ બેઠા થઈ શક્યા નથી. સરકારે સંક્રમણ ઘટતાં એક પછી એક સરકારી ગાઈડલાઈન સાથે રાહત આપી છે પરંતુ અસંખ્ય વ્યવસાયિકો માટે કોરોનાનો કપરો કાળ આર્થિક ફટકો આપનારો બની રહ્યો છે જેમાં ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં કોરોના હાવિ થતાં રાજ્ય સરકારે ડી.જે. તેમજ સંગીતના અન્ય કાર્યક્રમો ઉપર અગાઉ રોક લગાવી હતી જેથી લોક કલાકારોની હાલત અત્યંત કફોડી બની હતી. ઘરના ગુજરાનનો સવાલ ઉભો થતાં અસંખ્ય ડી.જે. સંચાલકો તેમજ ગાયક કલાકારોને અન્ય વ્યવસાય તરફ વળવાનો વારો આવ્યો હતો તો અસંખ્ય પરિવારો સંગીતના કાર્યક્રમો બંધ થવાથી દેવાના બોજા હેઠળ આવી જતાં વિવિધ સંગીત સંગઠનો દ્વારા કાર્યક્રમો યોજવા માટે છૂટ આપવા સરકારમાં રજૂઆત થઈ પરંતુ કોઈપણ કારણોસર સરકારે ત્વરીત નિર્ણય લીધો ન હતો. ટ્યુશન કલાસીસ, શાળાઓ શરૂ કરવા માટે ગાઈડલાઈન સાથે છૂટ અપાઈ પરંતુ ડી.જે. તેમજ સંગીત કાર્યક્રમો મુદ્દે સરકારે હમણાં છેલ્લે કાર્યક્રમો યોજવાની છૂટ આપતાં ગાયક કલાકારો અને ડી.જે.ના સંચાલકોમાં હરખની લાગણી પ્રસરી છે. સરકારે ડી.જે., મ્યુઝીક બેન્ડ તેમજ સંગીતના અન્ય કાર્યક્રમો ઉપરથી નિયંત્રણો હટાવી લેતાં મનોરંજન ક્ષેત્ર સાથે સંકળાયેલા ધંધાર્થીઓમાં ઉત્સાહ વ્યાપ્યો છે.

# ગણેશમય બનતો માહોલ, વરસાદના કારણે ખેડૂતોમાં ખુશાલી

## સાબરકાંઠા, અરવલ્લીમાં આજથી ગણેશ મહોત્સવનો આસ્થા સાથે આરંભ, સાદગી સાથે શોભાયાત્રા-મૂર્તિ સ્થાપન : પ્રદૂષણ અટકાવવા પી.ઓ.પી. મૂર્તિઓના બહિષ્કાર કરવાની અપીલ કારગત, ઈકો ફ્રેન્ડલી મૂર્તિ જોવા મળી

બાયડ, તા.૦૯

જિલ્લામાં આજે શુક્રવારથી ગણેશ મહોત્સવ શરૂ થઈ રહ્યો છે ૧૦ દિવસ સુધી ચાલનારા ગણેશ મહોત્સવના કારણે જિલ્લો બાપા મોરીયા રે..ના નાદમાં ભક્તિસભર બની જશે. ગણેશ મહોત્સવ પૂર્વે જિલ્લામાં ખેતીને જીવતદાન આપનારો વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી. વિધ્નહર્તાએ ખેડૂતોનું વરસાદનું વિધ્ન દૂર કર્યાની લાગણી જોવા મળી. અનેક ગણેશ યુવક મંડળોએ આગોતરા આયોજનના ભાગરૂપે વોટરપ્રૂફ મંડપ બનાવ્યા છે. બાયડ થી પોશીના સુધીના પટ્ટામાં ગણેશ મહોત્સવના ઉજવણીની તડામાર તૈયારીઓ પૂરી થઈ છે. બાયડ ગામ તેમજ ગીરીરાજ કેમ્પસમાં ભવ્ય ગણેશ મહોત્સવ ઉજવાશે. પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી બનાવેલી ગણેશ મૂર્તિઓ જળચર પ્રાણીઓ માટે જોખમી હોવાથી પી.ઓ.પી. મૂર્તિઓના બહિષ્કારની અપીલ અંશતઃ કારગત નિવડી છે. માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું આજે અનેક સ્થળે સ્થાપન થઈ શકે છે.

નવ જીવનમાં અવનવા ઉત્સવો દ્વારા નવી ચેતનાનો સંચાર થતો હોય છે. પવિત્ર શ્રાવણ માસ પૂરો થયા પછી આજથી ગણેશ મહોત્સવ શરૂ થઈ રહ્યો છે. ગણેશ મહોત્સવની ઉજવણી છેલ્લા દાયકાથી વધુ લોકપ્રિય બની છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૬૦૦માંથી એકપણ ગામ એવું નહીં હોય કે ત્યાં ગણેશ મહોત્સવની ઉજવણી થતી ન હોય. દૂંદાળા દેવનું શુભ મુહૂર્તમાં મૂર્તિ સ્થાપન પછી સવાર-સાંજ બાપાની આરતી ઉતાર્યા પછી ખાસ કરીને રાત્રે ભક્તિસભર કાર્યક્રમોના આયોજન થયા છે. બાયડ ગામ ગણેશ યુવક મંડળ દ્વારા આ વર્ષે કોરોના સંક્રમણના કારણે ગાઈડલાઈન મુજબ સાદગીથી ગણેશ મહોત્સવ ઉજવાશે. વોટરપ્રૂફ પંડાલ તૈયાર કરવામાં આવ્યું છે. તદઉપરાંત બાયડના ગાબટ રોડ, ગીરીરાજ કેમ્પસ, વલ્લભનગર સોસાયટી, ડેમાઈ, ચોઈલા, સાઠંબા, ગાબટ, રડોદરા, ધનસુરા, વડાગામ સહિતના જિલ્લાના અનેક વિસ્તારો આજથી ગણેશમય બની જશે. કોરોનાના કારણે મોટાભાગના ગણેશ મંડળોએ ૧ થી ૫ દિવસમાં જ ગણેશ મહોત્સવ સંપન્ન કરવાનો નિર્ણય લીધો છે. તંત્રએ પણ કોરોના ગાઈડલાઈનનો અમલ કરવા માટે તમામ આયોજકોને સ્પષ્ટ સૂચના આપી છે.



### અડધા થી ચાર ઈંચ વરસાદ, ભાદરવામાં ખુશાલી

# જિલ્લામાં ભાદરવો ભરપૂર વરસ્યો : ધોધમાર વરસાદથી પ્રજા-ખેડૂતોમાં હરખની હેલી

## મેઘરજ, તલોદ, ધનસુરામાં આભ ફાટ્યું, નિચાણવાળા વિસ્તારો જળતરબોળ

બાયડ તા.૦૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભાદરવા મહિને અષાઢી માહોલ જામ્યો છે. ગત રોજ સમી સાંજથી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસતાં પ્રજા અને ખેડુતોમાં હરખની હેલી છે. મેઘરજ, તલોદ અને ધનસુરામાં આભફાટ્યું હોય તે રીતે વરસાદ વરસતાં અનેક નિચાણવાળા વિસ્તારો જળતરબોળ થઈ ગયા હતા. જ્યારે ઉપરવાસમાં પણ મેઘમહેર થતાં સૂકીભઠ્ઠ નદીઓ તેમજ ચેકડેમોમાં નવાં નિર આવ્યાં છે. ઘણા લાંબા સમય સુધી રાહ જોવડાવ્યા પછી ભાદરવો ભરપૂર વરસતાં ખેતીનું ચિત્ર સુધર્યું છે.

હવામાન વિભાગની અગાઉની આગાહીઓ ધરાર ખોટી સાબિત થયા પછી આ વખતે જિલ્લામાં વરસાદની આગાહી સાચી ઠરી છે. આકાશમાં કાળાં ડીબાંગ વાદળો સાથે ભારે મેઘ ગર્જના સાથે બંન્ને જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. આગાહી પ્રમાણે વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ વરસતાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. સમી સાંજથી કાળાં ડીબાંગ વાદળોએ જિલ્લાના આકાશમાં ઘેરો ઘાલી અનરાધાર હેત વરસાવતાં ખેતી પાકોને જીવતદાન મળવાથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. જ્યારે હમણાં સુધી તરસ્યા રહેલા મોટા જળાશયોમાં પાણીની ધીમી આવક શરૂ થઈ છે. બંન્ને જિલ્લામાં મોટા જળાશયોમાં ૫૦ થી ૮૮૫ ક્યુસેક સુધી પાણીની આવક નોંધાયાના અહેવાલ છે. જ્યારે આગામી સમયમાં ઉપરવાસમાં ભારે વરસાદ વરસવાથી જળાશયોમાં પાણીની આવકમાં વધારો થઈ શકે છે. જિલ્લામાં અષાઢ માસ દરમ્યાન વરસાદ ખેંચાતાં એક તબક્કે ખેતી નિષ્ફળ જાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી અને પીવાના પાણીનું સંકટ પણ ઉભું થતાં રાજ્ય સરકારે સંભવિત અછતની સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરૂ આયોજન હાથ ધર્યું છે ત્યાં હવે વરસાદે ગણતરીની મીનીટોમાં જ ખેતીનું ચિત્ર બદલી નાખ્યું છે અને આજ પ્રકારે વરસાદી સીસ્ટમ સક્રીય રહી તો પાણીનું ચિત્ર પણ સુધારા ઉપર આવી શકે છે.



## શ્રી સરસ્વતી વિદ્યાલય રમાસમાં શિક્ષકદિનની ઉજવણી

બાયડ તા.૯

આજરોજ કુલ ૨૧ દીકરીઓ અને અને ૭ જેટલા વિદ્યાર્થી ભાઈઓ એ એક દિવસ માટે શિક્ષક બનીને શિક્ષણ કાર્ય કર્યું.... બે વર્ગની અને ૧૦૭ વિદ્યાર્થીઓ ધરાવતી નાનકડી શાળામાં ૨૮ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષકો બનવા માટે તત્પર હોય તે એ જ બતાવે છે કે શાળામાં શિક્ષકની ગરિમા અને શિક્ષક પ્રત્યે નો પ્રેમ વિદ્યાર્થીઓમાં કેટલો હશે.... સાચા અર્થમાં અમને તો ખૂબ જ આનંદ થયો પરંતુ વિદ્યાર્થીઓએ પણ એક દિવસ માટે શિક્ષક બનીને પોતે શિક્ષક દિનને ખૂબ જ સુંદર રીતે ઉજવ્યો.... બે વર્ગમાં આટલા બધા શિક્ષકોને શિક્ષણકાર્ય માટે તક આપવી તે મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું... કોઈ બાળક નિરાશ ન થાય એટલા માટે શાળાનો સમય સવારે ૧૦ થી ૫.૧૫ નો રાખવામાં આવ્યો હતો અને સૌ વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય કરવા મળે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

### પ્રજાની આરોગ્ય સુખાકારી માટે ઉજવણી

# બાયડ ગામના ભવાની માતાજી મંદિરમાં ચોરાસીની ઉજવણી, શ્રદ્ધાળુઓ ઉમટ્યા

બાયડ તા.૦૯

કોરોનાના સંક્રમણમાં બાયડ પાલિકા વિસ્તારમાં ૭૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. કોરોના સહિતનો અન્ય રોગચાળો અંકુશમાં આવે, પ્રજાની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને અનરાધાર વરસાદથી ખેડૂતો ખુશખુશાલ બને તેવા હેતુથી બાયડ ગામના ભવાની માતાજી મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ-૨ ના દિવસે ચોરાસી યોજાઈ હતી. વિધિવિધાન પ્રમાણે યોજાયેલી ચોરાસીમાં શાસ્ત્રી તરીકે નિલેષભાઈ પંડ્યા, ગોવિંદભાઈ પૂરોહીત ઉપસ્થિત રહ્યા હતા. બાયડ ગામના શંકરલાલ લલ્લુદાસ ભાટીયા પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરા જાળવી રાખી શૈલેષ ભાટીયા દ્વારા યજ્ઞમાં શ્રીફળ હોમવામાં આવ્યું હતું.

જે વિસ્તારોમાં મંદિરોની સંખ્યા વધુ હોય તે વિસ્તારોમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટ્યું છે. રાજ્યના અનેક ગામોનો તિર્થ ગામમાં સમાવેશ થયો છે. બાયડ ગામ તેમજ પંથકની પ્રજાને આજે પણ આધુનિક યુગમાં બાયડ ગામ ભવાની માતાજી મંદિર પ્રત્યે અતૂટ શ્રદ્ધા રહી છે.

ગામના અનેક શ્રદ્ધાળુઓ આજે પણ પરોઢે માતાજી મંદિરમાં દર્શન ન કરે ત્યાં સુધી બપોરનું ભોજન આરોગતા નથી. દૂર રહેતા અનેક લોકો માદરે વતન આવ્યા પછી મંદિરમાં અવશ્ય દર્શને આવતા હોય છે. બાયડ ગામના, બાયડ પાલિકા કોર્પોરેટર અશોકભાઈ એલ. પટેલ, મુકેશભાઈ પી. પટેલ, કનુભાઈ કોદરભાઈ જી. પટેલ, મનુભાઈ ભીખાભાઈ પટેલ અને કમીટી દ્વારા દર વર્ષે ચોરાસી નિમિત્તે હવનનું આયોજન થાય છે અને હવન સંપન્ન થયા પછી સૌ પ્રસાદ લઈને છૂટા પડતા હોય છે.

આ વર્ષે પણ કોરોના સંક્રમણને ધ્યાને રાખી આચારસંહિતા અનુસાર ચોરાસી યોજાઈ જેમાં યજમાન તરીકે બેઠેલા ભક્તોએ વિશ્વમાં શાંતિ જળવાયેલી રહે, વૈશ્વિક કોરોના રોગચાળામાંથી સૌને મુક્તિ મળે તે માટે સામૂહીક પ્રાર્થના કરવામાં આવી હતી. બાયડનગરના સર્વ લોકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે માટે વિશેષ આહૂતિ પણ આપવામાં આવી હતી. યજમાન તરીકે કરણ પટેલ, વિનોદભાઈ કે. ભાટીયા, રોશન એસ. પટેલ, ધિમેશ કે. પટેલ હતા.

